## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ચાલ, જંગલમાં બહુ રહ્યા, આજે જસદણ પછી તને રાજકોટ લઈ જઈને માનવ દર્શન કરાવું..!

# પાઠય પુસ્તક મંડળના ગોડાઉનમાં પુસ્તક ચોરી કેસમાં બે ની અટકાયત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સેકટર-૨૫ જીઆઈડીસી ખાતે આવેલા પાઠ્ય પુસ્તક મંડળના ગોડાઉનમાંથી રૂ.૪૨ લાખના પુસ્તકોની ચોરીના મામલે એલસીબી પોલીસે ૨ શખ્સોની અટકાયત કરી છે. આ પ્રકરણે વધુ ઘટસ્ફોટ થાય તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પાઠયપુસ્તક મંડળના ચકચારી પુસ્તક ચોરી કૌભાડમાં એલસીબી-૧ તપાસ સંભાળ્યા બાદ ગોડાઉન મેનેજર જગદીશભાઈ લકશીભાઈ ખરાડી તેમજ આઉટસોર્સીંગ કર્મચારી



સ્ટોર કીપર સંદિપ રણછોડભાઈ ચૌધરીની અટકાયત કરવામાં આવી છે. બંન્ને આરોપીઓએ આર્થિક ફાયદાને લઈ પુસ્તકોની ઉચાપતનું કાવતરુ રચ્યુ હોવાનું જણાઈ આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોડાઉનમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં ઓડીટ કરવામાં આવતુ હોય છે અને ગોડાઉનના કર્મચારીઓને પહેલેથી જ જાણકારી હતી કે ગોડાઉનમાં પુસ્તકોની ઘટ પડેલ છે જે ઓડીટમાં પકડાઈ જશે. તેથી પોતાની મળતીયા મારફતે આરોપીઓએ ગોડાઉન નં.૧૪ અને ૧૫ બહાર કંમ્પાઉન્ડ વોલ બહાર પુસ્તકો મુકાવી પુસ્તકોની ઘટને ચોરીમાં ખપાવી દેવા તરકટ કર્યું હતું. તપાસ દરમિયાન ચોરીનો બનાવ નહી બન્યો હોવાનું જણાઈ આવતા પોલીસે કોર્ટની એફઆઈઆર રીપોર્ટ મોકલી આપ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- જિલ્લાથી લઈ સચિવાલય સુધી તંત્ર બજેટની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે. આજે રાજ્યમંત્રી મંડળની બેઠકમાં પણ બજેટને લઈ ચર્ચાઓ થઈ હતી.
- સ્વચ્છ આંગણવાડી અને સ્વચ્છ બાળકની સ્પર્ધાઓ યોજવામાં આવશે તેવો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.
- પોષણમાસની ઉજવણીને લઈ સરકારે હવે પોષણ-આરતીની પણ રચના કરાવડાવી છે.
- ગાંધીનગર તાલુકાનો અંતિમ સેવાસેતુ ૨૪મીએ ગિયોડ ખાતે યોજાશે.
- ગાંધીનગર શહેરની બાળાઓ જે રિપબ્લીક ડે ની પરેડમાં ભાગ લેવા પહોંચી છે તેમના ઉત્સાહમાં વધારો કરવા આજે શહેર શાસનાધિકારી કિરણબેન પટેલ અને જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના આચાર્ય દિલ્હી જવા રવાના થયા છે.
- નવસારીના સાંસદ સી.આર. પાટીલનું ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ હેક થતાં તેમણે સુરત શહેર પોલીસ કમિશ્નરને ફરિયાદ કરી છે.

## વાત-વાતમાં.....

- સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન-સાર્ક જે પ્રાદેશિક આંતર સરકારી સંગઠન સેવા સાથે દક્ષિણ એશિયાના રાજ્યોનો ભૂરાજકીય સંઘ છે તેના સભ્ય દેશોમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા છે. આ તમામ દેશોના સભ્યો ગાંધીનગર તાલુકાની શાહપુર શાળાઓની ગુરૂવારે મુલાકાતે પધારી રહ્યાં છે.
- ગાંધીનગરના સેક્ટર-૯ ખાતેની પોસ્ટ ઓફિસની બહાર સારી રીતે ઉભા રહી શકાય કે બેસી શકાય તેવી સુવિધા ના હોવાને કારણે ગ્રાહકોને પરેશાની વેઠવી પડી રહી છે. ખાસ કરીને આ પોસ્ટ ઓફિસના વડિલ ખાતેદારો આ સુવિધાના યોગ્ય અભાવે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.
- ગાંધીનગરમાં ફરી એકવાર ટાબરિયા ગેંગ સક્રીય થઈ હોવાનું જણાઈ રહ્યું છે. આજે શહેરના મધ્યસ્થ એસટી ડેપો ખાતેથી બે ટાબરિયાં ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

## દંતાલી ખાતે નવનીત એજ્યુકેશન દ્વારા બાળકોને પ્રોત્સાહન

ગાંધીનગર તાલુકાના દંતાલી ખાતે ડાહીબા ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે જાણીતી કંપની નવનીત એજ્યુકેશન લિમિટેડ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા તથા અભ્યાસમાં પ્રેરકબળ પુરૂ પાડવાના હેતુથી ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નવનીત કંપનીના એચઆર ડાયરેક્ટર ક્રિષ્ણાબેન ગાલાએ ઉપસ્થિત રહી બાળકોને ઈનામ વિતરણ કર્યુ હતુ.



કોલવડા ખાતે આવેલ રાજ્યની મોડેલ આયુર્વેદ કોલેજ ખાતે રાજ્યભરમાં નિમાયેલ કોન્યુનીટી હેલ્થ ઓફિસરોની ૨૧ દિવસીય તાલિમનો આજથી આરંભ થયો છે. રાજ્યના નોડલ ઓફિસર ડૉ. દિનેશ બારોટ, ગાંધીનગરની ઈન્ડિયન મેડીકલ એસોસીએશન બ્રાન્ચના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ તેમજ કોલવડા કોલેજના આચાર્યા વૈદ્ય સ્વીટીબેન રૂપારેલે મંગલદીપ પ્રગટાવી તાલિમનનો આરંભ કરાવ્યો હતો. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોમાં નિમાયેલા આ કોમ્યુનીટી હેલ્થ ઓફિસરોની તાલિમ પછી તેઓ રાજ્યભરમાં તેમની કામગીરીનો આરંભ કરશે. આરોગ્ય સમન્વય તાલિમના પ્રારંભે ડે. સુપ્રિટેન્ડેન્ટ ડૉ. જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુર આમ્રકુંજ હાઈટ્સ ખાતે પાંચમા માળેથી પટકાતા વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

પેથાપુરમાં સુથારવાસ ખાતે આવેલ આમ્રકુંજ હાઈટ્સના પાંચમા માળેથી અચાનક નીચે પટકાતા વડીલનું મૃત્યું નિપજયુ હતું. વડીલ પત્નીને જમવાનું બનાવ હું ધાબા પર જઈને આવુ છું તેમ કહીને ગયા હતા અને અચાનક નીચે પટકાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા પેથાપુર સુથાર વાસ ખાતે આમ્રકુંજ હાઈટ્સના પ્રથમ મજલે રહેતા કાન્તીભાઈ શંભુભાઈ પટેલ (ઉં.વ.૬૫) જીઈબી ખાતે ફરજ બજાવી નિવૃત જીવન પસાર કરી રહ્યા હતા. આજે બપોરના ૧૨.૩૦ વાગ્યાના અરસામાં પોતાની પત્નીને જમવાનું બનાવ હું ધાબે આંટો મારીને આવું છું, તેમ કહીને ગયા હતા અને ફલેટના પાંચમા માળેથી અચાનક નીચે પટકાતા તેમને ઈજા પહોંચી હતી. શરીરે અને માથાના ભાગે ઈજા પહોંચતા વડીલનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. વડીલ અચાનક નીચે પટકાતા સમગ્ર ફલેટવાસીઓ અચંબામાં પડી ગયા હતા. અચાનક વડીલ પટકાતા ફલેટવાસીઓએ તેમના પત્નીને બનાવ અંગે જાણ કરી હતી. વડીલના અચાનક મૃત્યુંથી સ્થાનિક નાગરીકોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવને પગલે તેમના પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા. ફલેટના રહીશ પાંચમા માળેથી નીચે પટકાતા ફલેટધારકોએ બનાવ અંગે પેથાપુર પોલીસને જાણ કરાતા પોલીસ તાત્કાલીક આવી પહોંચી હતી.પેથાપુર પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી ગુનો નોંધી આગળની તપાસ પેથાપુર પોલીસ મથકના જવાન દિલિપ લેઉવાએ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક વડીલને સંતાનમાં દિકરો કે દિકરી ન હોવાનું જાણવા મળ્યું છે.

### ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાંથી

# લોન અપાવી દેવાની લોભામણી વાતો કરતાં તત્ત્વોથી નાગરિકો ચેતે

ગાંધીનગર,તા. ૨૨

બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન, સ્નાતક પછી વિદેશ અભ્યાસ લોન તેમજ સ્વરોજગાર બાબતની લોન આપવાની પ્રક્રિયા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા ચાલી રહી છે. આ સમયે નિગમના ધ્યાને એક ગંભીર બાબત આવી છે કે, નિગમમાંથી લોન અપાવી દેવાની લોભામણી વાતો કરીને નિર્દોષ નાગરિકો પાસેથી નાણાંકીય લેવડ-દેવડ કરવામાં આવી રહી છે. આ બાબતને ગંભીરતાથી લઈને કોઈ નિર્દોષ નાગરિક આવી કોઈ લોભામણી વાતોમાં દોરાઈને તેનો ભોગ ન બને તે હેતુસર આવા લોકોથી બચવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના અધ્યક્ષ બી.એચ.ઘોડાસરાએ જણાવ્યું છે કે શૈક્ષણિક લોન, સ્નાતક પછી વિદેશ અભ્યાસ લોન તેમજ સ્વરોજગાર બાબતની લોન માટે ઓનલાઈન અરજી કરનાર લાભાર્થી અરજદારોને નિયત ધારાધોરણ પ્રમાણે જરૂરી કાર્યવાહી કરી નિગમ દ્વારા લોન મંજૂર કરવામાં આવે છે. કેટલાક લોકો લોન અપાવી દેવાની લોભામણી વાતો કરતા હોવાની બાબત ધ્યાને આવતા આવા લોકોથી નાગરિકો ચેતે, કોઈ વ્યક્તિઓને આવી વાતોમાં આવવુ નહી તેમ તેમણે ઉમેર્યુ હતું.

લોન સંબંધિત કોઈપણ કામ કે પ્રત્યુત્તર માટે નાગરિકોએ મેનેજિંગ ડાયરેક્ટર, ડાયરેક્ટરઓ તેમજ અધ્યક્ષશ્રીનો કર્મયોગી ભવન, બ્લોક નં.૨, ૭મો માળ, ગાંધીનગર ખાતે કાર્યરત કચેરીનો સંપર્ક કરવો. સોમવાર અને મંગળવારના રોજ કચેરી સમય દરમિયાન નિગમના અધ્યક્ષશ્રીને મળી શકાશે. નિગમના અધ્યક્ષશ્રીએ ઉમેર્યુ છે કે વિદેશ લોનમાં કાર્યનો ભરાવો હોઈ, ટૂંક સમયમાં જ વિદેશ લોનમાં પણ બેકલોગનો ઉકેલ કરવામાં આવશે.

## ચંદ્રાલા સ્થિત શ્રી જયોતિ વિદ્યામંદિરમાં માર્ગ સલામતી સેમિનાર યોજાયો

ચિલોડા, તા. ૨૨

૩૧મો નેશનલ રોડ સેફટી વીકની ઉજવણી અંતર્ગત ચંદ્રાલા શ્રી જયોતિ વિદ્યામંદિર ખાતે માર્ગ સલામતી કાર્યક્રમ શાળાના શિક્ષક કે. કે. ડોડિયાના માર્ગદર્શન હેઠળ સેમિનાર યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓને ટ્રાફિકના જરૂરી નિયમો, નિયમોના ભંગથી થતું નુકશાન, વર્તમાન દંડના નવા નિયમો, માર્ગ પરના ટ્રાફિકના ચિહ્નોની જાણકારી આપી હતી. આ સેમિનારમાં તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓનો શપથવિધિ, વકતૃત્વ, ચિત્રસ્પર્ધા અને પ્રશ્નોત્તરીમંચ, વાહન સલામતી વખતે ધ્યાનમાં રાખવાની સાવચેતીના પગલાં વગેરે જાણકારી આપી હતી.




